# મહેસાણામાં વકરેલી ભ્રષ્ટાચારની બદી વચ્ચે એ.સી.બી. નિષ્ક્રિય

પાલનપુર, તા. ૨૭

મહેસાણા જિલ્લામાં કથિત ભ્રષ્ટાચાર અને લાંચરૂશ્વતની વકરેલી બદીને અટકાવવામાં લાંચ રૂશ્વત વિરોધી ખાતાનું તંત્ર નિષ્ક્રિય રહેતાં પ્રજામાં તંત્રની કામગીરી અંગે સંદેહ પેદા થયો છે.

આમ જનતામાં ચર્ચાતી વાતો મુજબ મહેસાણા જિલ્લાની કેટલીક સરકારી તંત્રો મહેસૂલ, પોલીસ, રજીસ્ટ્રાર, માર્ગ મકાન સબ રજીસ્ટ્રાર, સીટી સર્વે, પંચાયત, શિક્ષણ, ઉદ્યોગ કેન્દ્ર, આર.ટી.ઓ. વેચાણવેરા યાને વેટ, ખાણ ખનિજ વગેરેમાં ભ્રષ્ટાચાર અને લાંચ રૂશ્વતની બદી વકરી ગઈ છે. જિલ્લા અને તાલુકા કક્ષાની કેટલીક સરકારી કચેરીઓ, તંત્રોમાં કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓ ભ્રષ્ટ રીત રસમો અજમાવીને યેનકેન પ્રકારે આમજનતાના કામોમાં, સરકારી યોજનાઓને લગતા કામમાં રીતસર ગેરકાયદે નાણાં (રૂશ્વત) લેતા અને કર્મચારીઓ સીધી યા આડકતરી રીતે (વચેટીયા, દલાલ, એજન્ટ) મારફતે લાંચ રૂશ્વત લેવામાં લેશમાત્ર ડર અનુભવતા નથી તેવું કહેવાય છે.

મહેસાણા જિલ્લામાં લાંચ રૂશ્વત વિરોધી શાખા છેલ્લા ઘણા વર્ષોથી કાર્યરત છે. ભૂતકાળમાં આ કચેરીના કેટલાક અધિકારીઓ લાંચ અંગેના સફળ છટકા ગોઠવીને જિલ્લાની વિવિધ કચેરીઓ, પોલીસમથકોના વર્ગ-૧ થી ૪ સુધીના ભ્રષ્ટ અધિકારીઓ, કર્મચારીઓને પકડી પાડી સફળ કામગીરી કરી હતી. પરંતુ છેલ્લા કેટલાક વખતથી લાંચરૂશ્વત વિરોધી બ્યુરોની કામગીરી નબળી રહેતા જીલ્લાની જનતામાં અધિકારીઓની કામગીરી સામે શંકા કુશંકાઓ જાગી છે. જિલ્લામાં છેલ્લા બે ત્રણ વર્ષ દરમિયાન લાંચ રૂશ્વતને લગતા જૂજ કેસો થયા છે. જેમાં મોટા ભાગે નાના કર્મચારીઓ જ પકડાયા છે. જ્યારે વર્ગ-૧, ૨ ના કહેવાતા ભ્રષ્ટ અધિકારીઓને કોઈ આંચ આવી નથી તેવું ચર્ચાય છે. આવી સ્થિતિને લીધે એ.સી.બી.ની કામગીરી પ્રત્યે લોકોમાં સંદેહ પેદા થયોછે. ભ્રષ્ટાચારને પરિણામે ભ્રષ્ટ તત્વોને મોકળુ મેદાન મળી ગયું છે. એ.સી.બી.ના તપાસ થાય યા છટકા ગોઠવાય તો અધિકારીઓ હાથમાં આવી જાય તેમ છે.




(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

## ડીસામાં ૬૪માં પ્રજાસત્તાક પર્વની દબદભાભેર ઉજવણી

ડીસા મામલતદાર કચેરી પટાંગણમાં ૬૪માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરાઇ હતી. જેમાં નાયબ કલેક્ટર બી. કે. પટેલે રાષ્ટ્રધ્વજને લહેરાવી સલામી આપી હતી. આ રાષ્ટ્રી પર્વ નિમિતે શહેરના ગણ માન્ય નાગરીકો, અધિકારીઓ અને વિવિધ શાળાના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતાં. જેવોએ ત્રીરંગાને ગર્વ ભેર સલામી આપી હતી.

# પાલનપુર નજીક ચંડીસર ખાતે બાઈક-બોલેરો વચ્ચે અકસ્માત : બાઈકચાલકનું મોત

પાલનપુર, તા. ૨૭

પાલનપુર તાલુકાના ચંડીસર ખાતે સવારના સમયે ચાર રસ્તા નજીક બાઈક અને બોલેરો ગાડી વચ્ચે અકસ્માત સર્જાતા બાઈકચાલકને ગંભીર ઈજાઓ થતા ૧૦૮માં પાલનપુર સિવિલ ખાતે સારવાર અર્થે લાવેલ. જ્યાં તેની હાલત ગંભીર જણાતા વધુ સારવાર અર્થે તાત્કાલિક અમદાવાદ રીફર કરાયા હતા. જ્યાં અમદાવાદ સારવાર દરમ્યાન મોત નિપજતા પંથકમાં ભારે શોકની લાગણી પ્રસરવા પામી છે.

પાલનપુર તાલુકાના વેડચા ગામના જુડાલ ભગુભાઈ બાબુભાઈ ઉ.વ.૪૦ સવારે તેમનું બાઈક લઈને ભેંસના રૂપિયા ભરવા જતા હતા ત્યારે ચંડીસર ચાર રસ્તા પાસે પૂર ઝડપે આવતી બોલેરો કાર સાથે ગમખ્વાર અકસ્માત સર્જાતા ભગુભાઈ ગંભીર રીતે ઘાયલ થતાં તાત્કાલિક ૧૦૮ની મદદથી સારવાર અર્થે પાલનપુર સિવિલ ખાતે ખસેડાયા હતા. જ્યાં તેમની હાલત ગંભીર જણાતાં તબીબે વધુ સારવાર અર્થે અમદાવાદ ખાતે રીફર કરાયા હતા. અમદાવાદમાં સારવાર દરમ્યાન તેમનું મોત નિપજતાં ગમગમીની છવાઈ જવા પામી હતી. તેમના મોતના સમાચાર વાયુવેગે પ્રસરતા સમગ્ર પંથકમાં ભારે શોકની લાગણી પ્રસરવા પામી છે.

## વિજયનગર તાલુકા નિવૃત્ત કર્મચારીની બેઠક યોજાઈ

જાદર, તા. ૨૭

વિજયનગર તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળની સામાન્ય બેઠક તાજેતરમાં વિજયનગર ખાતે ધનજીભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. જેમાં પેન્શનરોના વિવિધ પડતર પ્રશ્નો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

આ બેઠકના પ્રારંભે પેન્શનરોને શ્રદ્ધાંજલિ, રાજ્યના પેન્શનરો હોદ્દેદારોનું સન્માન તથા પડતર પ્રશ્નો અંગેની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ ઉપરાંત પેન્શન પુસ્તિકા અંગે પણ વિચારણા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન સુરજીભાઈ નિનામાએ કર્યુ હતું, જ્યારે આભારવિધિ બી.એસ. પટેલે કરી હતી.



## પ્રાંતિજમાં પ્રજાસત્તાક પર્વની શાનદાર ઉજવણી કરાઈ

પ્રાંતિજ, તા. ૨૭

સાબરકાંઠાના પ્રાંતિજ તાલુકામાં આવેલી વિવિધ કચેરીઓ અને શાળા-કોલેજમાં ૬૪માં પ્રજાસત્તાક પર્વની ધામધૂમપૂર્વક શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. ૬૪માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે પ્રાંતિજ મામલતદાર કચેરી, નગરપાલિકા કચેરી, પોલીસ સ્ટેશન, કોર્ટસંકુલ અને નગરની વિવિધ શાળા કોલેજમાં ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો અને ઉપસ્થિત મહાનુભાવો અધિકારીઓએ ત્રિરંગો લહેરાવી ત્રિરંગાને સલામી આપી હતી. જ્યારે શાળા-કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ દેશ-ભક્તિ ગીતો અને સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે પ્રાંત અધિકારી આશાબેન શાહ, ઉષાબેન, સંદિપ પટેલ, પી.આઈ. ઉપાધ્યાય, સામણભાઈ પંડ્યા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)



૬૪મા પ્રજાસત્તાક દિને પાલનપુરમાં મંત્રી શ્રી પરબતભાઈ પટેલે પોલીસ હેડ ક્વાટર્સ ખાતે તિરંગો રાષ્ટ્રીય ધ્વજ ફરકાવી સલામી આપી હતી. ત્યારે જિલ્લાના તમામ વરિષ્ઠ અધિકારીગણ, પોલીસ અમલદારો, દેશપ્રેમી નાગરીકોની હાજરીમાં શાળા-કોલેજ, એન.એસ.એસ., એન.સી.સી., સ્કાઉટ ગાઈડની ટીમે પોલીસ ગ્રાઉન્ડ પર સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. બાદમાં વૃક્ષારોપણ, બ્લડ ડોનેશન કેમ્પ તથા ઘોડેસવાર, રાયફલ, પરેડ પણ યોજાઈ હતી. શહેરના સરકારી-અર્ધસરકારી સ્થાનોએ તથા જાહેર જગ્યાએ દેશપ્રેમીઓ દ્વારા ધ્વજવંદન, રાષ્ટ્રીય ગીતોના કાર્યક્રમો યોજાયા હતા. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## ડીસાની જેઠાભાઈ પાર્ક સોસાયટીમાં ૪૮ હજારની ચોરી



ડીસા શહેરી વિસ્તારમાં અજાણ્યા તસ્કરોનો તરખાટ યથાવત રહેલ છે. જેમાં બે દીવસ ઉગાઉ હાઈવે વિસ્તારની પુષ્પાંજલી સોસાયટીમાં પોણા લાખની ચોરી બાદ ગતરાત્રીએ હાઈવે વિસ્તારમાં જ આવેલા જેઠાભાઈ પાર્ક વિસ્તારના ચાર મકાનોને તસ્કરોએ નિશાન બનાવી તાળા તોડ્યા હતાં. જોકે ત્રણ મકાનમાં ચોરીનો પ્રયાસ નિષ્ફળ નિવડ્યો હતો. જ્યારે એક મકાનમાંથી તસ્કરોએ રૂા. ૪૮,૫૦૦ની માલમત્તાની ચોરી કરી હતી. આ મામલે મકાન માલીકની ફરીયાદ આધારે ડીસા શહેર પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરેલ છે.

આ અંગેની મળતી વિગતો જોતા ડીસા હાઈવે વિસ્તારમાં આવેલ જેઠાભાઈ પાર્ક સોસાયટીમાં રહેતાં વિષ્ણુભારથી છોગાભારથી ગૌસ્વામી સામાજીક કામે લાખણી મુકામે પરીવાર સાથે ગયા હતાં. જે તકનો લાભ ઉઠાવી અજાણ્યા તસ્કરોએ ચોરીના ઈરાદે મકાનમાં પ્રવેશ કર્યો હતો. અને તિજોરીમાં પડેલ રૂા. ૨૮,૫૦૦ રોકડો તેમજ ચાંદીના ૮ સિા તથા ચાંદીનો કંદોરો અને ઝુડો મળી કુલ રૂા. ૪૮,૫૦૦ની મત્તાચોરી હતી. આ ચોરી બાબતે તપાસનીશ અમલદાર ખાનદાસભાઈએ માહીતી આપતા જણાવેલ કે "જેઠાભાઈ પાર્કમાં થયેલ ચોરીની ફરીયાદ દાખલ થતા ડોગ સ્કોડ અને એફ.એસ.એલ. ની મદદથી તસ્કરોને ઝડપવા ધનીષ્ઠ તપાસ હાથ ધરાયેલ છે. તસ્કરોએ આ વિસ્તારમાં રહેતાં પ્રવિણજી હીરાજી ઠર તથા દેવેન્દ્રભાઈ દલપતભાઉ મકવાણા સહીત અન્ય મકાનો ને પણ નિશાન બનાવી તાળા તોડ્યા હતાં. પરંતુ તેમાંથી કોઈ ચોરી થયેલ નથી આ મામલે શહેર પોલીસ મથકે અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ ડીસા સીટી ફસ્ટ ગુ.નં. ૨૧/૨૦૧૩ આઈ.પી.સી. કલમ. ૪૫૪,૪૫૭,૩૮૦. મુજબ ફરીયાદ દાખલ થયેલ છે.

## પાલનપુરમાં જિલ્લા-તાલુકા પંચાયતની આગામી ચૂંટણી સંદર્ભે સંભવીત ઉમેદવારોની બેઠક યોજાઈ

પાલનપુર, તા. ૨૭

બનાસકાંઠા જિલ્લા અને તાલુકા પંચાયતની આગામી ચૂંટણીના સંદર્ભે સંભવીત ઉમેદવારોની જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે બેઠક યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં ઉમેદવારો ધસી આવ્યા હતા.

આ બેઠકમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી વિક્રમસિંહ ખાચર, પ્રદેશ મંત્રી પ્રવિણભાઈ પટેલ અને મંત્રી બબલદાસ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને સંભવીત ઉમેદવારોને ચૂંટણી વિશે માર્ગદર્શન આપ્યું હતું અને ચૂંટણી લડવા માંગતા ઉમેદવારોને વિગતવાર સાંભળ્યા હતા. આ પ્રસંગે સાંસદ મુકેશ ગઢવી, દલસંગભાઈ પટેલ, જોઈતાભાઈ પટેલ, ઝાકીરભાઈ ધારાસભ્ય કાન્તીભાઈ ખરાડી, ધારસિંહ ખાનપુરા, મણીભાઈ વાઘેલા વગેરે હાજર રહ્યા હતા.



(તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

## પાલનપુરમાં પ્રજાસત્તાક પર્વની પૂર્વ સંધ્યાએ મશાલ રેલી યોજાઈ

પાલનપુરમાં પ્રજાસત્તાક પર્વ સંધ્યાએ પાલનપુર નગરપાલિકાના પ્રાંગણમાંથી નગરના વિદ્યાર્થીઓ દ્વારા વિશાળ મશાલરેલી નિકાળવામાં આવી હતી. જેને લઈ શહેરના જાહેર માર્ગો મશાલની રોશનીમાં જળહળી ઉઠ્યા હતા. પાલનપુર નગરપાલિકાના પ્રમુખ હર્ષાબેન મહેશ્વરીના અધ્યક્ષસ્થાને રાષ્ટ્રીય પર્વની પૂર્વ સંધ્યાએ વિશાળ મશાલ રેલી નગરના વિવિધ માર્ગો પર યોજાઈ હતી. જેમાં ચીફ ઓફિસર યુ.ડી. સિન્ધા, પ્રતાપભાઈ જાની, નગરસેવક દેવેન્દ્રભાઈ રાવલ સહિત વિવિધ શાળા-કોલેજના વિદ્યાર્થીઓ આ મશાલ રેલીમાં જોડાયા હતા. પરિણામે શહિદો અમર રહોના નારાઓથી જાહેર માર્ગો ગુંજી ઉઠ્યા હતા.

## તલોદની ટ્રિનિટી એજ્યુકેશનલ સંસ્થામાં પ્રજાસત્તાક પર્વ ઉજવાયો

તલોદ, તા. ૨૭

તલોદ તાલુકામાં આવેલ ટ્રિનિટી એજ્યુકેશનલ કેમ્પસ ખાતે ડૉ. બાબુભાઈ પટેલના અધ્યક્ષસ્થાને ૬૪માં પ્રજાસત્તાક દિનની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના બાળકોએ દેશભક્તિ ગીતો, દેશનેતાઓ વિશે વક્તૃત્વ, લઘુ નાટિકા તેમજ દેશભક્તિ ગીત આધારિત ગૃપ ડાન્સ જેવા કાર્યક્રમો દ્વારા પ્રેક્ષકગણને મંત્ર મુગ્ધ કર્યા હતા.

કાર્યક્રમના આરંભે અધ્યક્ષ સ્થાનેથી ડૉ. બાબુભાઈ પટેલે ભારતનો ભૂતકાળ, ભારતનો ભવ્ય વારસો અને ભારતની સંસ્કૃતિનો સરળ શૈલીમાં પરિચય કરાવ્યો હતો અને આજનો બાળક ભવિષ્યમાં આદર્શ રાટ્રના નિર્માણ માટે શું કરી શકે? તે ઉદાહરણ સહિત સુંદર સમજ આપી હતી. તેમજ બાળકોને આદર્શ નાગરિક બનવાની હિમાયત પોતાના પ્રવચનમાં કરી હતી આ પ્રસંગે ટ્રસ્ટીઓ આર.એલ. પટેલ, ડૉ. વસંતભાઈ, રમણીકભાઈ, નથ્થુભાઈ, સી.કે. પટેલ તેમજ આમંત્રિત મહાનુભાવો તેમજ વાલીગમ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન કિરીટભાઈ પટેલ જ્યારે આભારવિધિ શૈલેષભાઈ સુથારે કરી હતી. કાર્યક્રમનું સંચાલન અલ્પેશભાઈ પટેલે સંભાળ્યું હતું.

## હિંમતનગરની સેંટ ઝેવિયર્સ શાળાનું ગૌરવ

હિંમતનગર, તા. ૨૭

હિંમતનગરના સવગઢ ખાતે જિલ્લા કક્ષાનો ખેલ મહાકુંભ યોજાયો હતો. જેમાં હિંમતનગરની સેંટ ઝેવિયર્સ સ્કુલના વિદ્યાર્થીઓએ વિવિધ રમતોમાં પ્રથમ સ્થાન મેળવી શાળાનું ગૌરવ વધાર્યુ છે. સાબરકાંઠા જિલ્લા ખેલ મહાકુંભમાં અંડર-૧૬માં ૩૦૦, ૫૦૦, ૧૦૦૦ મીટર દોડમાં પ્રથમ સ્થાન સૈયદ ઝેદ ઝાકીરહુસેને મેળવ્યું હતું. સ્કેટીંગ અંડર-૧૬માં જિલ્લા કક્ષાએ મેરાજ સબ્બીરઅલીએ દ્વિતિય સ્થાન મેળવ્યું હતું. અંડર-૧૬ સ્કેટીંગ બહેનોમાં પાંચભૈયા હીના મોહંમદ ઈશાકે જિલ્લા કક્ષાએ બીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો. ખેલ મહાકુંભમાં સેંટ ઝેવિયર્સ સ્કુલના વિદ્યાર્થીઓએ વિવિધ રમતોમાં પોતાનું કૌશલ્ય બતાવી નંબર પ્રાપ્ત કરતા શાળાના આચાર્ય ફાધર ટેલેસ તેમજ કોચ દિલિપભાઈ રાઠોડ અને શાળા પરિવારે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી
રવિવારે શો રૂમ
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પા
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૯૪૭૨૮

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ,
સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે,
ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર
મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧